## વિષય કોડ – BIZ-1 (વર્ણનાત્મક)

# પેપર-1 : ગુજરાતી (મુખ્ય પરીક્ષા - વર્ણનાત્મક)

કુલ ગુણ : 150 માધ્યમ : ગુજરાતી સમય : 3 કલાક

સૂચના : જમણી તરફ પ્રશ્નના ગુણ દર્શાવેલ છે.

પ્ર.-1. નીચે આપેલ પાંચ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા 250 અને વધુમાં વધુ 300 શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો.

1.1 પ્રાચીન ભારતની કલા-વિભાવના

1.2 સાંપ્રત યુવા પેઢીની વિશેષતાઓ અને મર્યાદાઓ

1.3 પાંચ ગુજરાતી પ્રેરણાદાયી મહિલાઓની સફળતાનાં કારણો

1.4 ગુજરાતનું પંખી-વિશ્વ

1.5 ભારતીય મધ્યમવર્ગના આર્થિક પડકારોના ઉપાયો

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

પ્ર.-2. નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ પણ બે વિધાનોનો આશરે 100 થી 150 શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (05 ગુણ × 02 વિધાનો)

2.1 પારકો કાગળ, પારકી લેખણ, પારકી શાહી, મતુ કરે મારા માવજીભાઈ.

– લોકસૂત્ર

2.2 જીવવામાં વ્યસ્ત થાઓ કે મરવામાં વ્યસ્ત થાઓ.

– સ્ટીફન કિંગ

2.3 મેં શરીરની અંદર આત્માને શોધ્યો અને શોધ્યા કર્યો, ત્યાં કોઈ આત્મા શોધી ન શકાયો, હતા તમે, ફક્ત તમે જ.

– અભિનવ ગુપ્ત

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

પ્ર.-3. નીચે આપેલ ગદ્યખંડનો (430 શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ 1/3 ભાગમાં (145 શબ્દો) સંક્ષેપ કરો.

વીસમી સદીના પ્રારંભમાં પ્રતિભાસવિચાર દ્વારા તત્ત્વજ્ઞાનમાં આગવું યોગદાન કરનારા જર્મન ચિંતક હુસેર્લ (1858-1938) પ્રમાણે વ્યક્તિ તો એક જ છે, મન અને શરીર એ બે તેના અવલંબી અંશો છે. પ્રારંભમાં હુસેર્લ એમ માનતા હતા કે અનુભવોનો પ્રવાહ એ જ ચેતના, પરંતુ પાછળથી હુસેર્લે સ્પષ્ટ કર્યું કે સવિષયકતારૂપ અનુભવોનો કોઈ આશ્રય કે તેનું કોઈ અધિષ્ઠાન હોય છે. હુસેર્લે તેનો અહમ્ તરીકે વિચાર કર્યો. હુસેર્લ પ્રમાણે હું કશુંક અનુભવું છું, એ અનુભવોથી હું સભાન પણ બની શકું છું. એ અનુભવોને કોઈક સામગ્રી પણ હોય છે અને એ સામગ્રી કે સંભાર દ્વારા હું વિષય પ્રત્યે અભિમુખ બનું છું. વિષયાભિમુખતા કે સવિષયકતા આ રીતે ચેતનાનું હાર્દ કે સ્વરૂપ છે. અનુભવો હંમેશાં કોઈ ને કોઈ અહમના હોય છે. જ્ઞાતા કે વિષયીનું સત્ત્વ અહમનું જ હોય છે. જ્ઞાતા કે વિષયીનું સત્ત્વ અહમમાં મૂર્ત થાય છે. દરેક વ્યક્તિનો અહમ્ તેના પોતાના ચેતનાપ્રવાહનું આશ્રયસ્થાન છે. તે જ વ્યક્તિમાં તે જ અહમ્ તેના અભિપ્રાયો, મૂલ્યો, ઈચ્છાઓ અને નિર્ણયોનું આશ્રયસ્થાન છે. આંતરિક કાળપ્રવાહમાં દરેક વ્યક્તિને પોતે તેની તે જ વ્યક્તિ છે તેવું સ્વભાન હોય છે. અહમ્ તેનું મૂળ છે. હુસેર્લ કહે છે 'હું'થી સૂચવાતી

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Downloaded from upsc2ias.com

દરેક વ્યક્તિ શરીરબદ્ધ ચેતના તરીકે પ્રકૃતિ અને ચેતના બંનેનાં સત્ત્વો મૂર્ત કરે છે. હુસેર્લનો આવો મત હોવાથી તેમણે વ્યક્તિના અનુભવો અને તેના અહમને જુદાં જુદાં સત્ત્વોને મૂર્ત કરનારા વ્યક્તિના અંશોની પરિભાષામાં સમજાવ્યાં છે. હુસેર્લે અનુભવકર્તારૂપ અહમ્ અને શુદ્ધ અહમનો ભેદ દર્શાવ્યો છે. હુસેર્લના મત પ્રમાણે દરેક વિશેષ અનુભવનો પ્રકૃતિનાં અને ચેતનાનાં એમ બે પ્રકારનાં સત્ત્વો હેઠળ સમાવેશ થાય છે; તેથી અનુભવનું માનસિક અને શારીરિક પાસું એ એક જ ઘટનાનાં બે પાસાંઓ છે. ચેતનાનાં કાર્યો તરીકે અનુભવો સવિષયકતાનું સ્વરૂપ ધરાવે છે એટલે કે અનુભવો હંમેશાં કોઈક વિષય અંગેના અનુભવો જ હોય છે; પરંતુ તે જ અનુભવો મગજની ઘટના તરીકે તો ભૌતિકશાસ્ત્રની અને જીવવિજ્ઞાનની મદદથી સમજી શકાય છે. હુસેર્લના મતે એક જ ઘટનાનાં આ બે પાસાંઓ તે ઘટનાના અવલંબી અંશો છે. તે જ પ્રમાણે પ્રત્યેક મનુષ્યનો પણ પ્રકૃતિનાં અને ચેતનાનાં એમ બે પ્રકારનાં સત્ત્વો હેઠળ સમાવેશ થાય છે. મનુષ્યના શરીરને એક ભૌતિક પદાર્થ તરીકે તેમજ એક જીવંત શરીર તરીકે – એમ બે સ્વરૂપોમાં સમજી શકાય છે અને મનુષ્યના માનસિક સ્વરૂપને ત્રણ પાસાંઓમાં સમજી શકાય છે – આત્મા કે મન તરીકે, મનુષ્ય તરીકે અને શુદ્ધ અહમ્ તરીકે. હુસેર્લના મતે વ્યક્તિ તરીકે તો મનુષ્ય એક જ વ્યક્તિ છે પણ તેના પાંચ અવલંબી અંશો છે – ભૌતિક પદાર્થ તરીકે માનવશરીર દેશ-કાળમાં છે અને કાર્યકારણ સંબંધને અધીન છે અને તે ભૌતિક પ્રકૃતિનું સત્ત્વ વ્યક્ત કરે છે. જીવંત શરીર તરીકે મનુષ્ય પ્રાણી-પ્રકૃતિનું સત્ત્વ વ્યક્ત કરે છે અને માનસિક ક્રિયાઓ કરતા જીવંત શરીર તરીકે તે પ્રાણી-પ્રકૃતિના માનસિક સત્ત્વને મૂર્ત કરે છે. સમાજના અન્ય મનુષ્યો સાથે આંતરક્રિયા કરતી વ્યક્તિ તરીકે તે મનુષ્યત્વનું સત્ત્વ મૂર્ત કરે છે અને ચેતના કે ચેતનાના અધિષ્ઠાનરૂપ જ્ઞાતાનું સત્ત્વ તેના શુદ્ધ અહમમાં વ્યક્ત થાય છે.

– મધુસૂદન બક્ષીના લખાણને આધારે

પ્ર.-4. નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (5 પ્રશ્નો × 2 ગુણ)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
|---|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

વાનરિન્દ જાતક

પ્રાચીન કાળમાં વારાણસી નગરીમાં બ્રહ્મદત્ત રાજા થઈ ગયા. તે સમયે બોધિસત્ત્વ વાનર જાતિમાં જન્મ્યા. તે ઘોડાના વછેરા જેટલા મોટા થઈને હાથી જેવા શક્તિશાળી બન્યા અને એકલા એકલા નદી કિનારે રહેવા લાગ્યા. એ નદીની વચ્ચે એક દ્વીપ હતો, ત્યાં આંબા, ફણસ જેવાં વિવિધ ફળાઉ ઝાડ હતાં. નદીના એક કિનારેથી ઊછળીને નદીની વચ્ચે પડેલા એક પથ્થર પર કૂદકો મારતા, ત્યાંથી કૂદકો મારીને પેલા દ્વીપમાં જઈ પડતા. ત્યાં વિવિધ પ્રકારનાં ફળ ખાઈ કરીને સાંજે એ જ રીતે પાછા, પોતાના ઘરે પાછા ફરતા. બીજે દિવસે પણ એમ જ કરતા. આમ તે દિવસો વીતાવતા હતા.

તે જ સમયે આ જ નદીમાં એક મગર તેની મગરી સાથે રહેતો હતો. અવારનવાર બોધિસત્ત્વને નદી પાર જતા જોઈને મગરીને તેના હૃદયનું માંસ ખાવાની પ્રબળ ઈચ્છા થઈ. તેણે મગરને કહ્યું, ‘આ વાનરેન્દ્રના હૃદયનું માંસ ખાવાની મને ઈચ્છા થઈ છે.’ મગરે તેની વાત સ્વીકારી. ‘આજે સાંજે તે દ્વીપ પરથી પાછો ફરશે ત્યારે તેને પકડીશ.’

બોધિસત્ત્વે દિવસ આખો ફળ ખાઈને સાંજે દ્વીપમાં ઊભા ઊભા જ પથ્થર જોઈને વિચાર્યું, ‘આ શું છે ? આજે પથ્થર થોડો ઊંચો દેખાય છે.’ તેમણે પહેલેથી જ પાણી અને પથ્થરનો ખ્યાલ મેળવી લીધો હતો. એટલે વિચાર્યું, ‘આજે આ પાણી નથી વધતું કે નથી ઘટતું પણ આ પથ્થર મોટો દેખાય છે. શું આજે મને પકડવા માટે મગર તો પથ્થર ઉપર નથી ને ? ભલે, તેની પરીક્ષા કરીશ.’ એમ વિચારી ત્યાં ઊભા ઊભા જ પથ્થર સાથે વાતો કરી. ‘અરે પથ્થર’ – કહી બૂમ મારી. પણ પથ્થર શો ઉત્તર આપે ?

તો પણ પેલા વાનરે પૂછ્યું, ‘અરે પથ્થર, આજે તું શું મને ઉત્તર નહીં આપે ?’

મગરે વિચાર્યું, ‘બીજા દિવસોએ તો આ પથ્થર આ વાનરને જવાબ આપતો હશે, આજે હું એને જવાબ આપું.’ એમ કહીને તે બોલ્યો, ‘અરે વાનર, શું છે ?’

upsc2ias.com

Downloaded from upsc2ias.com

'તું કોણ છે ?'

'હું મગર છું.'

'અહીં શું કામ પડ્યો છે ?'

'તારું હૃદય ખાવું છે એટલે.'

બોધિસત્ત્વે વિચાર્યું, 'મારે માટે જવાનો કોઈ રસ્તો નથી. આજે મારે આ મગરને છેતરવો પડશે.' તે બોલ્યો, 'અરે મગર, હું તને મારું શરીર સોંપી દઈશ. તું મોં ખોલે છે ત્યારે તારી આંખો બંધ થઈ જાય છે.' મગરને એ વાતનો ખ્યાલ ન આવ્યો અને તેણે મોં ખોલ્યું. આંખો બંધ થઈ ગઈ. બોધિસત્ત્વે દ્વીપ પરથી કૂદકો માર્યો ને મગરના માથે પડ્યા, પછી ત્યાંથી વીજળીની જેમ બીજા કિનારે જઈ પહોંચ્યા. મગરે આ આશ્ચર્ય જોઈ કહ્યું, 'અરે વાનર, આ લોકમાં જે માનવીમાં ચાર બાબત હોય તે પોતાના શત્રુને જીતી લે છે. એ ચારે તારામાં છે. જેનામાં સત્ય, ધર્મ, ધૃતિ અને ત્યાગ હોય છે તે શત્રુને જીતી લે છે.'

— જાતકકથા

પ્રશ્નો:

4.1 મગર બોધિસત્ત્વનું હૃદય મેળવવામાં નિષ્ફળ શાથી થયો ?

4.2 બોધિસત્ત્વ પોતાનો જીવ શા માટે બચાવી શક્યા ?

4.3 બોધિસત્ત્વ અને મગરનો સંબંધ વર્ણવો.

4.4 મગરે કથાને અંતે કહેલી ચારે બાબતો સંદર્ભે બોધિસત્ત્વનાં ચરિત્રનું વિશ્લેષણ કરો.

4.5 આ કથા માનવસ્વભાવનાં કયાં લક્ષણોને રજૂ કરે છે ?

પ્ર.-5. ગુજરાતની નદીઓના એકત્રીકરણ વિશે માહિતી આપતું રાજ્યના જળસંપત્તિ વિભાગના સચિવશ્રીનું ઔપચારિક ઉદ્‌બોધન તૈયાર કરો. (આશરે 150 શબ્દો)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

upsc2ias.com

પ્ર.-6. ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન ખાતે આપ વૈજ્ઞાનિક છો. આપની સંસ્થાએ કરેલ ચંદ્ર વિષયક પરીક્ષણોને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન વિશે પ્રચાર માધ્યમો માટેનું નિવેદન તૈયાર કરો. (આશરે 150 શબ્દો)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-7. આપ અધ્યાપક છો. આપનો એક વિદ્યાર્થી સંશોધક થવા ઇચ્છે છે. સંશોધન એટલે શું ? — આ વિશે માહિતી આપતો પત્ર વિદ્યાર્થી 'મ ભ ત' ને લખો. (આશરે 150 શબ્દો)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

Downloaded from upsc2ias.com

પ્ર.-8. રસિક પ્રેક્ષક તરીકે આપે નિરીક્ષણ કર્યું છે કે ગુજરાતમાં પ્રયોગશીલ નાટકોની રંગમંચ પર પ્રસ્તુતિમાં ઓટ આવી છે. આ પરિસ્થિતિના નિવારણ અર્થે સૂચનો આપતું ચર્ચાપત્ર 'ર મ પ' સામયિકના તંત્રીશ્રીને લખો. (આશરે 150 શબ્દો)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-9. નીચે આપેલ છબિનું વિશ્લેષણ કરી તમારાં રચનાત્મક નિરીક્ષણો વિગતે લખો. (આશરે 150 શબ્દો)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10



પ્ર.-10. ઉનાળાના દિવસોમાં આપે સપરિવાર દરિયાઈ મુસાફરી કરી. એ દરમિયાન આપે જહાજમાંથી નીકળી મધદરિયાની ભીતર લાંબી સહેલગાહ કરી. આપે નિહાળેલું દરિયાનું ભીતરી સૌંદર્ય અને એ દિલચસ્પ અનુભવને વર્ણવતો અહેવાલ લખો. (આશરે 150 શબ્દો)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-11. 'ક' અને 'ખ' સાંપ્રત સામાજિક વાતાવરણમાં સ્ત્રી અને પુરુષના સંબંધોના વૈવિધ્ય વિશે ચર્ચા કરી રહ્યા છે. એ ચર્ચામાં થયેલા સંવાદને વર્ણવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

Downloaded from upsc2ias.com

પ્ર.-12. આપેલ અંગ્રેજી અભિવ્યક્તિનો ગુજરાતીમાં અનુવાદ કરો.

Sometimes the processes of democracy are slow, and I have known some of our leaders to say that a benevolent dictatorship would accomplish the ends desired in a much shorter time than it takes to go through the democratic processes of discussion and the slow formation of public opinion. But there is no way of insuring that a dictatorship will remain benevolent or that power once in the hands of a few will be returned to the people without struggle or revolution. This we have learned by experience and we accept the slow processes of democracy because we know that shortcuts compromise principles on which no compromise is possible.

The final expression of the opinion of the people with us is through free and honest elections, with valid choices on basic issues and candidates. The secret ballot is an essential to free elections but you must have a choice before you. I have heard my husband say many times that a people need never lose their freedom if they kept their right to a secret ballot and if they used that secret ballot to the full.

Basic decisions of our society are made through the expressed will of the people. That is why when we see these liberties threatened, instead of falling apart, our nation becomes unified and our democracies come together as a unified group in spite of our varied backgrounds and many racial strains.

– Eleanor Roosevelt

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-13. સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. ( 10 પ્રશ્નો × 2 ગુણ) દરેક પેટાપ્રશ્નના ઉત્તર માટે આપેલ ચાર વિકલ્પોમાંથી ખરો ઉત્તર પસંદ કરો.

13.1 : રૂઢિપ્રયોગનો ઉપયોગ ધરાવતું વાક્ય ઓળખો.

(A) દીકરી મારી આંખની કીકી

(B) દીકરો મારો ઘડપણનો ટેકો

(C) દીકરી મારી આંખનું કાજળ

(D) દીકરો મારો સવાયો સિંહ

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

13.2 : કઈ કહેવતનો અર્થ 'કપટ કરવાથી માઠું પરિણામ મળે' – થાય છે ?

(A) કપટ ત્યાં પનોતી

(B) કપટ ત્યાં પડતી

(C) કપટ ત્યાં સંકટ

(D) કપટ ત્યાં ચપટ

upsc2ias.com

Downloaded from upsc2ias.com

13.3 :સમાસ ઓળખો : 'મારુંતારું'

(A) દ્વન્દ્વ

(B) કર્મધારય

(C) અવ્યયીભાવ

(D) ઉપપદ

13.4 : છંદ ઓળખો : "ગાયો ચરી ગામ ભણી વળે છે, જુદી પડેલી સમુહે મળે છે. ઘણી નદીઓ મળી એક રાહ, જાણે થયો જાહ્નવીનો પ્રવાહ."

(A) વસંતતિલકા

(B) ઉપજાતિ

(C) પૃથ્વી

(D) સવૈયા

13.5 : અલંકાર ઓળખો : ઘોરે જેવો મહા ઘોરે ઘેરો તોફાનનો ધ્વનિ, સમસ્ત જીવન કેરો ઘોરે એવો મહાધ્વનિ.

(A) વ્યાજસ્તુતિ

(B) રૂપક

(C) ઉપમા

(D) શબ્દાનુપ્રાસ

13.6 : શબ્દસમૂહ : 'બુધ્ધિ ચલાવ્યા વિના આડેધડ કામ કરનાર વ્યક્તિ' માટે કયો શબ્દ પ્રયોજાશે ?

(A) કડછો

(B) ચમચો

(C) કાટલું

(D) બળદ

upsc2ias.com

Downloaded from upsc2ias.com

13.7 : ખરી જોડણી ઓળખો.

(A) શાર્દૂલવીક્રિડીત

(B) શાર્દુલવિક્રીડિત

(C) શાર્દૂલવિક્રીડિત

(D) શાર્દુલવીક્રિડીત

13.8 : જોડણી, વિરામચિહ્નો અને વાક્યરચનાની દૃષ્ટિએ ખરું વિધાન ઓળખો.

(A) તેનું મુખ્ય પ્રતિપાદન એ છે કે જ્ઞાનપ્રાપ્તિનાં સાધનોમાં બુદ્ધિનો નહિ; પણ ઈન્દ્રિયાનુભવનો ફાળો મુખ્ય હોય છે.

(B) તેનું મુખ્ય પ્રતિપાદન એ છે કે જ્ઞાનપ્રાપ્તિના સાધનોમાં બુદ્ધિનો નહિ; પણ ઈન્દ્રિયાનુભવનો ફાળો મુખ્ય હોય છે.

(C) તેનું મુખ્ય પ્રતિપાદન એ છે કે જ્ઞાનપ્રાપ્તિનાં સાધનોમાં બુદ્ધિનો નહિ, પણ ઈન્દ્રિયાનુભવનો ફાળો મુખ્ય હોય છે.

(D) તેનુ મુખ્ય પ્રતિપાદન એ છે કે, જ્ઞાનપ્રાપ્તિનાં સાધનોમાં બુદ્ધિનો નહિ, પણ ઈન્દ્રિયાનુભવનો ફાળો મુખ્ય હોય છે.

13.9 : સંધિ કરો : જગત્ + આધાર

(A) જગદાધાર

(B) જગતધાર

(C) જગદાઘાર

(D) જગ્દાધાર

13.10 : શેષવાચક પદો અને શેષિવાચક પદોનું સાથે ઉચ્ચારણ થાય તેને શું કહેવાય ?

(A) વિધાન

(B) પંક્તિ

(C) પદસમૂહ

(D) વાક્ય

upsc2ias.com

Downloaded from upsc2ias.com

upsc2ias.com

Downloaded from upsc2ias.com

## SUBJECT CODE : BIZ-2

### Paper-2 : English

Time : 3 Hours Max. Marks : 150

Note: Marks of the question are indicated on the right.

1. Write an essay on any ONE of the following in minimum 250 to maximum 300 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well-argued piece of writing coherently and sequentially with observance of grammatical rules. (મેળવેલ ગુણ / OBTAINED MARKS; કુલ ગુણ / TOTAL MARKS: 20)

   I. India is poised to assert itself as a global leader in renewable energy innovation and manufacturing.

   II. Two things define you: Your patience when you have nothing and your attitude when you have everything.

   III. The QUAD (Quadrilateral Security Dialogue) arrangement gives India an opportunity to work multilaterally on all kinds of initiatives that can help create a free and open Indo-Pacific region.

   IV. Mining powered the rise of global capitalism, colonization and ecological catastrophes.

   V. Social media is all pervasive in its impact on a child's life.

2. Imagine you are a Deputy Collector. The Government aims to ensure that the benefits of the Gujarat Namo Saraswati Vigyan Sadhana Yojana effectively reach the eligible students across the state through proper implementation of the said scheme. Your senior officer has sought your opinion about how to create needful awareness in the talukas under your jurisdiction to achieve the goal of the Government. Write a letter, in about 150 words, to your senior officer offering needful suggestions. (મેળવેલ ગુણ / OBTAINED MARKS; કુલ ગુણ / TOTAL MARKS: 10)

3. The increasing instances of Cyber attacks in the form of Cyber criminals exploiting the fear of law enforcement and the unfamiliarity of people with technology to dupe them have become a concerning issue. The Police Commissionerate of your city wants to create an awareness among the people to avoid falling into such traps. Draft a PUBLIC APPEAL, in about 150 words, creating the needful awareness on the said concern. (મેળવેલ ગુણ / OBTAINED MARKS; કુલ ગુણ / TOTAL MARKS: 10)

4. Write a report, in about 150 words, on the workshop on World Nature Conservation Day hosted by Science City at Ahmedabad. (મેળવેલ ગુણ / OBTAINED MARKS; કુલ ગુણ / TOTAL MARKS: 15)

upsc2ias.com

Downloaded from upsc2ias.com

5. **Reflect on the following picture with meaningful observations in about 150 words.**



મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

6. **Draft an inaugural speech, in about 150 words, to be delivered by the Hon'ble Chief Minister of Gujarat on the occasion of the opening of Saputara Megh Malhar Parva 2024 organized by the Tourism Corporation of Gujarat at Saputara.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

7. **Write a precis of the following passage in about one-third of its original length.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

**The Western Ghats are internationally recognized as a region of immense global importance for the conservation of biological diversity, besides containing areas of high geological, cultural and aesthetic values. A chain of mountains running parallel to India's western coast, approximately 30-50 km inland, the Ghats traverse the States of Kerala, Tamil Nadu, Karnataka, Goa, Maharashtra and Gujarat. Older than the great Himalayan mountain chain, the Western Ghats of India are a geomorphic feature of immense global importance. The Outstanding Universal Value of the Western Ghats is manifested in the region's unique and fascinating influence on large-scale biophysical and ecological processes over the entire Indian peninsula. The mountains of the Western Ghats and their characteristic montane forest ecosystems influence the Indian monsoon weather patterns that mediate the warm tropical climate of the region, presenting one of the best examples of the tropical monsoon system on the planet. The Ghats act as a key barrier, intercepting the rain-laden monsoon winds that sweep in from the south-west during late summer. A significant characteristic of the Western Ghats is the exceptionally high-level of biological diversity and endemism. This mountain chain is recognized as one of the world's**

upsc2ias.com

Downloaded from upsc2ias.com

eight 'hottest hotspots' of biological diversity along with Sri Lanka. Western Ghats include representatives of non-equatorial tropical evergreen forests. At least 325 globally threatened species occur in the Western Ghats. The globally threatened flora and fauna in the Western Ghats are represented by 229 plant species, 31 mammal species, 15 bird species, 43 amphibian species, 5 reptile species and 1 fish species. The Western Ghats region demonstrates speciation related to the breakup of the ancient landmass of Gondwanaland in the early Jurassic period; secondly to the formation of India into an isolated landmass and the thirdly to the Indian landmass being pushed together with Eurasia.

8. Read the following passage carefully and answer 05 multiple-choice questions and 10 short answer type questions that follow. (15 × 1 = 15)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

The plays of William Shakespeare offer readers as well as spectators a great opportunity to look beyond and through the archetypal archetypes of our time. Shakespeare was an ultimate master of the use of supernatural elements in some of his plays. Fairy tale, mysterious elements, dark ghosts, witchcraft and many forms of horseplay are evident. He was recognized as a man of great language talent, who knew fluent, expressive and intertwined language marked by strong emotional tension. The supernatural elements and beliefs are exhibited to meet the needs of theatre art, to amplify the action and to strengthen the acting measures. In some sense, supernatural elements are also justified in the psychological or significant deviation of the actors. In fact, Shakespeare was the Elizabethan playwright who infused his characters with most of the human-like qualities. He considered that the drama was the independent and secular genre of art. Shakespeare's dramatic characters and their ridiculous powers become legendary. Only a few of the characters are ironic because of their loneliness and, meanwhile, majority of his characters, especially the major ones, are full of distinct moral, psychological and emotional powers. Along with the plays of Shakespeare, the characters' sourcing of these powers is frequently under the control of supernatural elements. Fairy tales and mystical instances are encountered in most of these plays and stand as influential talismans. The playwright managed to capture the audience's hearts by placing supernatural elements in the works of the characters and by enhancing vocal tone and scale components.

Questions:

8.1. What is the meaning of the word 'supernatural'?

(A) religious (B) paranormal

(C) very powerful (D) full of emotions

Downloaded from upsc2ias.com

8.2. Which of the following relates to 'witchcraft'?

(A) conjuring
(B) makeup of characters
(C) costume of characters
(D) lights and background music

8.3. What is the meaning of the word 'genre'?

(A) characterization
(B) dialogue delivery
(C) type
(D) common

8.4. What is the meaning of the word 'ridiculous'?

(A) praiseworthy
(B) laudable
(C) exemplary
(D) bizarre

8.5. What is the meaning of the word 'talisman'?

(A) charm
(B) main character of the play
(C) script of the play
(D) director of the play

8.6. What do the plays of Shakespeare offer?

8.7. Which types of supernatural elements are seen in the plays of Shakespeare?

8.8. What were the characteristics of Shakespeare as a writer?

8.9. What was the purpose of using the supernatural elements?

8.10. Which qualities were infused in most of his characters by Shakespeare?

8.11. What was Shakespeare's notion about drama?

8.12. Which features are depicted in the characters of Shakespeare?

8.13. How do the characters in the plays of Shakespeare source their powers?

8.14. What is encountered in most of the plays of Shakespeare?

8.15. How does the playwright manage to capture the audience's hearts?

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

9. **Do as directed:** **(20 × 1 = 20)**

Choose the correct answer from the given options and darken the circle ( ● ) as well as write the correct answer in the bracket (CAPITAL LETTER) as per the sample given below:

Sample Ans.: ( C ) (A) ○ (B) ○ (C) ● (D) ○ (E) ○

9.1. She ____ her driving test four times so far without success, but she ____ yet.

(A) takes / isn't giving up

(B) has taken / hasn't given up

(C) was taking / didn't give up

(D) is taking / doesn't give up

(E) took / wasn't giving up

9.2. Most of the time, the lawyer and his clerks ____ till late at night in office, but this Saturday, they ____ to the stadium, and so they're all very excited.

(A) work / are going

(B) have been working / go

(C) are working / have gone

(D) were working / went

(E) have worked / were going

9.3. I ____ glasses when I was younger, but now I ____ contact lenses.

(A) was wearing / have had

(B) have worn / am having

(C) have been wearing / had

(D) wear / was having

(E) wore / have

9.4. Why did you not agree to my proposal? (Change the voice)

(A) Why was my proposal not agreed to by you?

(B) Why was my proposal not agree?

(C) Why was my proposal not agreed by you?

(D) Why my proposal was not agreed to by you?

(E) Why the proposal of mine has to be agreed?

upsc2ias.com

Downloaded from upsc2ias.com

9.5. The noise of the thunder and storm kept me awake. (Change the voice)

(A) The thunder and storm kept me awake by their noise.

(B) I kept myself awake due to the noise of thunder and storm.

(C) I was kept awake by the noise of thunder and storm.

(D) I remained awake by the noise of thunder and storm.

(E) I was awakened by the noise of thunder and storm.

9.6. Mother said to me, "I'm worried about your safety." (Change the narration)

(A) Mother told me that she had been worried about my safety.

(B) Mother told me that she was worried about my safety.

(C) Mother said she is worried about your safety.

(D) Mother said that I was worrying about your safety.

(E) Mother said that she had been worrying about your safety.

9.7. The prosecutor said to the witness, "Tell the court what you saw on Monday night." (Change the narration)

(A) The prosecutor told the witness to tell the court what you saw on Monday night.

(B) The prosecutor asked the witness to tell the court what you have seen on Monday night.

(C) The prosecutor asked the witness to tell the court what he had seen on Monday night.

(D) The prosecutor ordered the witness to tell the court what I had seen on Monday night.

(E) The prosecutor ordered the witness to tell the court what was seen on Monday night.

9.8. How can you perform well except by performing courageously? (Transform the sentence to assertive sentence without changing its meaning)

(A) You cannot perform well except by performing courageously.

(B) You can perform well and perform courageously.

(C) You can perform well but may not perform courageously.

(D) You can perform well by performing courageously.

(E) You can perform well except by performing courageously.

upsc2ias.com

Downloaded from upsc2ias.com

9.9. ___ fog was so thick that we couldn't see ___ side of ___ road.

(A) no article, the, the

(B) no article, the, no article

(C) the, the, the

(D) the, the, no article

(E) None of the above

9.10. ______ answer sheets are still unchecked.

(A) Few (B) A few (C) Little

(D) The little (E) Much

9.11. He arrived ____ airport ____ time for the plane.

(A) at / on (B) to / on (C) at / in

(D) to / in (E) in / in

9.12. I felt I must defer ___ my partner's opinion.

(A) from (B) to (C) for

(D) of (E) in

9.13. It looks like we caught a tartar when we tried to muscle their store out of the area. (Choose the correct meaning of the underlined expression)

(A) To meet with a disaster

(B) To catch a dangerous person

(C) To trap a wanted criminal with great difficulty

(D) To deal with a person who is more than one's match

(E) Dishonest dealings

9.14. It is unfortunate that you _____ with each other as you used to be great buddies.

(A) set out (B) fell out (C) turned out

(D) came out (E) turned in

9.15. Choose the synonym of 'dexterous'.

(A) Poisonous (B) Complex (C) Mysterious

(D) Infectious (E) Skillful

9.16. Choose the correct antonym of 'congruence'.

(A) Conflict (B) Viability (C) Honesty

(D) Equivalence (E) Depth

upsc2ias.com

Downloaded from upsc2ias.com

9.17. Choose the one-word substitution for 'a critical judge of any art and craft'.

(A) Epistle (B) Connoisseur (C) Ascetic

(D) Apostle (E) Arsonist

9.18. ________ it rained a lot we enjoyed our picnic.

(A) Despite (B) Although (C) In spite of

(D) Until (E) But

9.19. The company's good name could fall into ___ repute if we carry on like this. (Select the correct prefix)

(A) un (B) dis (C) de

(D) im (E) ar

9.20. The unnatural position of high _____ shoes strains the arch of the foot and does not allow the pain to ______.

(A) heel / heel (B) heel / heal (C) heal / heel

(D) heal / heal (E) heel / hael

10. Translate the following passage from Gujarati into English.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

ગુજરાતી ટૂંકી વાર્તાના ખરા અગ્રણી 'ધૂમકેતુ' રહ્યા છે. તેમણે ટૂંકી વાર્તાનો મજબૂત પાયો નાખ્યો. તેમના આગમન સાથે ટૂંકી વાર્તામાં નિરૂપણની કળાએ એક નવી ઊંચાઈ પ્રાપ્ત કરી. એમાં વર્તમાન અને વાસ્તવ પ્રતિબિંબિત થાય છે. ધૂમકેતુ બાળપણનાં વર્ષોમાં વીરપુર આસપાસ ભેંસો-ગાયો ચરાવતા અને કુદરતનાં રૂપ નિહાળતા ગ્રામજનોના ભાવલોકનો અભ્યાસ કરતા. તેમનો ધરતી અને પ્રકૃતિ સાથે અતૂટ એવો નાતો બંધાયો. સાડા ચારસોથી વધુ વાર્તાઓ - આશરે વીસ-બાવીસ જેટલા વાર્તાસંચયોમાં - આપનાર ધૂમકેતુના પ્રવેશ સાથે ગુજરાતી ટૂંકી વાર્તાએ મહત્ત્વનો વળાંક લીધો. ધૂમકેતુની વાર્તાઓમાં વિષયક્ષેત્ર વિસ્તર્યું. વાર્તામાં ધ્વનિતત્ત્વનું મહત્ત્વ સ્વીકારાયું. પ્રકૃતિ-પરિવેશ વચ્ચે ચરિત્રચિત્રણ જીવંત બને છે. ગ્રામ્ય તેમજ શહેરી જીવનની અદભુત છબીઓ તેમના વાર્તા વર્ણનોમાં પ્રગટે છે. એક તરફ પોતાની મસ્તીમાં-ધૂનમાં જીવતાં પાત્રોનું ભાવજગત છે, તો એની સાથે ભાવનાવાદી-રંગદર્શી જીવનનો કરુણરસ પણ વાર્તાઓને સુખપાઠ્ય બનાવે છે. ધૂમકેતુના આગમન સાથે પ્રથમ વાર કાવ્યમય ગદ્યમાં પ્રકૃતિનાં સરસ શબ્દચિત્રો જોવા મળે છે. 'ટૂંકી વાર્તા એટલે તણખો' - એવી વ્યાખ્યા આપનાર ધૂમકેતુનાં સર્જનલેખનમાં વ્યક્તિ, ગામડું, પશુ-પંખી અને ધરતી માટેનો પ્રેમ મુખ્યત્ત્વે છલકાતો અનુભવાય છે.

upsc2ias.com

Downloaded from upsc2ias.com

# વિષય કોડ / Subject Code : BIZ-3

## પેપર-3 : નિબંધ (મુખ્ય પરીક્ષા - વર્ણનાત્મક)
## Paper-3 : Essay (Main Exam - Descriptive)

કુલ ગુણ : 150 | માધ્યમ : ગુજરાતી / અંગ્રેજી | સમય : 3 કલાક

Total Marks : 150 | Medium : Gujarati / English | Time : 3 Hours

સૂચનાઓ / Instructions :

- આ પ્રશ્નપત્રમાં ત્રણ વિભાગ છે.
  This question paper has three sections.
- દરેક વિભાગના 50 ગુણ છે.
  Each section carries 50 marks.
- દરેક વિભાગમાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.
  Write an essay on any one topic from each section.
- નિબંધ વધુમાં વધુ આઠસો (800) શબ્દોમાં લખો.
  Write an essay in a maximum of eight hundred (800) words.

## વિભાગ (A) / Section (A)

1. મનુષ્ય જીવનનાં સંચાલક બળો
   Governing forces of human life
2. સ્વતંત્રતા : મારી સમજ
   Freedom : My understanding
3. સૌંદર્યની વિભાવના
   Concept of beauty

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 50

upsc2ias.com

## વિભાગ (B) / Section (B)

1. આનુવંશિક ઈજનેરીનાં નૈતિક સૂચિતાર્થો
   Ethical implications of genetic engineering
2. જૈવિક શસ્ત્રોનો ખતરો અને તેના વૈશ્વિક પ્રતિભાવો
   Threat of biological weapons and global responses to it
3. છેલ્લા ત્રણ દાયકાના સંદર્ભે ભારતના શેરબજાર અને અર્થતંત્રનો પારસ્પરિક સંબંધ
   Interrelationship of Indian stock market and economy over the last three decades

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 50

Downloaded from upsc2ias.com

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 50 |

## વિભાગ (C) / Section (C)

1. આધુનિકતા : કારણો અને પરિણામો
   Modernity : Causes and consequences

2. અધ્યાપન-અધ્યયન પ્રક્રિયામાં ટેક્નોલૉજીના ઉપયોગથી થતી સમસ્યાઓ
   Problems caused by the use of technology in the teaching-learning process

3. ગૌતમ બુધ્ધ, રવીન્દ્રનાથ ઠાકુર અને ગાંધીજીનું ભારતના સાંસ્કૃતિક વિકાસમાં વૈચારિક પ્રદાન
   Ideological contribution of Gautama Buddha, Rabindranath Thakur and Gandhiji to the cultural development of India

upsc2ias.com

Downloaded from upsc2ias.com

# વિષય કોડ / Subject Code : BIZ-4

## પેપર-4 : સામાન્ય અભ્યાસ-1 (મુખ્ય પરીક્ષા - વર્ણનાત્મક)
## Paper-4 : General Studies-1 (Main Exam - Descriptive)

કુલ ગુણ : 150 | સમય : 3 કલાક
Total Marks : 150 | Time : 3 Hours

સૂચના :

1. પ્રશ્નક્રમાંક 1 થી 15
1. Question No. 1 to 15
2. બધા જ 15 પ્રશ્નોના જવાબ લખવાના છે.
2. Attempt all 15 questions.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
3. Each question carries 10 marks.
4. જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.
4. Answer should be given approximately in 200 words.

પ્ર.-1. સંગમ સાહિત્યમાં તત્કાલિન દક્ષિણ ભારતની સામાજિક અને આર્થિક સ્થિતિ વિગતવાર વર્ણવવામાં આવી છે. વિગતવાર સમજાવો.

Q.-1. The social and economic conditions of the then south India are described in detail in the Sangam literature. Explain in detail.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-2. ગુજરાતની આદિજાતિ કલાઓ અને પરંપરાઓ સારી રીતે સચવાયેલી છે. યોગ્ય ઉદાહરણો સાથે સમજાવો.

Q.-2. Tribal arts and traditions of Gujarat are well-preserved. Explain with suitable examples.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-3. ભારતની ટેક્સટાઈલ પરંપરાના વિકાસમાં ગુજરાત ટેક્સટાઈલ હેરિટેજનું આગવું સ્થાન છે. વિગતવાર સમજાવો.

Q.-3. Gujarat textile heritage has a unique position in the development of textile tradition of India. Explain in detail.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| | | |
|---|---|---|
| પ્ર.-૪. | ગુજરાતી સાહિત્યમાં ધીરૂબહેન પટેલના યોગદાન વિશે વિગતવાર ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-4. | **Discuss in detail the contribution of Dhirubahen Patel in Gujarati literature.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-5. | તાના રીરી મહોત્સવ ભારતના સમૃદ્ધ સંગીત અને સંગીતકારોને સમર્પિત છે. ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-5. | **The Tana Riri Mahotsav is dedicated to rich music and musicians of India – Discuss.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-6. | ભારતમાં પવન ઉર્જા વિશાળ સંભાવના ધરાવે છે, પરંતુ સંસાધનોના ઉપયોગ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા મર્યાદિત વિસ્તાર ધરાવે છે. ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-6. | **Wind energy in India has great potential, but has limited areas that can be used for the utilization of resources – Discuss.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-7. | ભારતના વન સંસાધનોની સ્થિતિ અને આબોહવા પરિવર્તન પર તેની પરિણામી અસરનું મૂલ્યાંકન કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-7. | **Evaluate the status of forest resources of India and its resultant impact on climate change.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-8. | ઉષ્ણકટિબંધીય ચક્રવાત મોટાભાગે તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારો સુધી મર્યાદિત છે. આ માટેનો તર્ક સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-8. | **Tropical cyclones are largely confined to coastal areas of Tamil Nadu, Andhra Pradesh, Odisha and West Bengal. Explain the logic for this.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-9. | હિમાલય ભારતની આબોહવા અને જૈવવિવિધતાને આકાર આપી રહ્યું છે. યોગ્ય ઉદાહરણો સાથે સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-9. | **Himalaya is shaping India's climate and biodiversity. Explain with suitable examples.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

upsc2ias.com

Downloaded from upsc2ias.com

પ્ર.-10. ગુજરાતમાં પૂર (floods)નાં મુખ્ય કારણો અને તેના નિવારણ માટેના પગલાં સૂચવો.

**Q.-10. Explain the main causes of floods in Gujarat and suggest steps for their prevention.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-11. ગુપ્ત સમયગાળા દરમિયાન વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં થયેલા વિકાસની ચર્ચા કરો.

**Q.-11. Discuss the developments in the fields of science and technology during Gupta period.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-12. ભારતીય સંઘમાં રજવાડાઓના એકીકરણમાં પ્રજાકીય ચળવળો (peoples' movements)ની ભૂમિકાનું વર્ણન કરો.

**Q.-12. Highlight the role of peoples' movements in the integration of Princely States into the Indian Union.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-13. પ્લાસીની લડાઈએ ભારતમાં ઈંગ્લીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રાજકીય વર્ચસ્વની શરૂઆત કરી. ચર્ચા કરો.

**Q.-13. The Battle of Plassey marked the beginning of political supremacy of English East India Co. in India – Discuss.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-14. આઝાદીની વ્યાપક ચળવળ માટે મવાળ નેતાઓની ભૂમિકાએ કેટલી હદ સુધી આધાર તૈયાર કરેલ હતો ? ટિપ્પણી કરો.

**Q.-14. To what extent did the role of the moderate leaders prepare a base for the wider freedom movement? Comment.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-15. સોલંકી કાળ દરમિયાન ગુજરાતમાં સ્થાપત્ય અને સાહિત્યના વિકાસનું વર્ણન કરો.

**Q.-15. Describe the development of architecture and literature in Gujarat during the Solanki period.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

Downloaded from upsc2ias.com

upsc2ias.com

Downloaded from upsc2ias.com

# વિષય કોડ / Subject Code : BIZ-5

## પેપર-5 : સામાન્ય અભ્યાસ-2 (મુખ્ય પરીક્ષા - વર્ણનાત્મક)
## Paper-5 : General Studies-2 (Main Exam – Descriptive)

કુલ ગુણ : 150 સમય : 3 કલાક

Total Marks : 150 Time : 3 Hours

સૂચના :
1. પ્રશ્નક્રમાંક 1 થી 15
1. Question No. 1 to 15
2. બધા જ 15 પ્રશ્નોના જવાબ લખવાના છે.
2. Attempt all 15 questions.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
3. Each question carries 10 marks.
4. જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.
4. Answer should be given approximately in 200 words.

પ્ર.-1. "બંધારણીય આદર્શવાદ એ સ્વતંત્રતા ચળવળના સામાજીક સંદર્ભનું પરિણામ છે." – સમજાવો.

Q.-1. "Constitutional Idealism is a result of the social context of Independence Movement." – Explain.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-2. "હાલની ફેડરલ પ્રક્રિયા કોઈપણ રાજ્યને તેના ગ્રાઉન્ડ લેવલથી બનાવવા અથવા અલગ કરવાની તેની પધ્ધતિઓને લગતા ઘણા પડકારોનો સામનો કરી રહી છે." – ઉદાહરણો સાથે ચર્ચા કરો.

Q.-2. "The present federal process has been facing many challenges regarding its methods of creating or separating any state from its ground level." – Discuss with examples.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

પ્ર.-3. નિયમનકારી સંસ્થાઓના અધ્યક્ષ/સભ્યોની નિમણૂક સંદર્ભમાં હિતના સંઘર્ષને સમજાવો.

Q.-3. Explain the conflict of interest with reference to the appointments of Chairpersons/ Members to regulatory bodies.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-4. 73મા અને 74મા બંધારણીય સુધારાએ ગ્રાસરૂટ લેવલની લોકશાહીમાં લોકોની ભાગીદારીની વિભાવનામાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. લોકોની ભાગીદારી વધારવા માટે આ ફેરફારોના ઉત્પ્રેરક આધારોની ચર્ચા કરો.

Q.-4. The 73rd and 74th Constitutional Amendments have brought in significant changes in the concept of peoples' participation at the grassroot level democracy. Examine the catalysts to these changes to enhance peoples' participation.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Downloaded from upsc2ias.com

| | | |
|---|---|---|
| પ્ર.-5. | પબ્લીક એડમીનીસ્ટ્રેશનને વ્યાખ્યાયિત કરનાર 5 (પાંચ) મુખ્ય યોગદાનકર્તાઓને ઓળખો અને જાહેર વહિવટને લગતી આ વ્યાખ્યાઓનો સારાંશ આપો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-5. | **Identify the 5 (Five) major contributors, who defined the Public Administration and summarize these definitions that identify the Public Administration.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-6. | અસરકારક નીતિના અમલીકરણ માટે ઓછામાં ઓછી 5 (પાંચ) શરતોને ઓળખો અને તેની ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-6. | **Identify at least 5 (Five) conditions for effective policy implementation and discuss the same.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-7. | સર્વોચ્ચ અદાલતના અવલોકનના પરિપ્રેક્ષ્યમાં વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલના સંદર્ભમાં રાજ્યપાલની બંધારણીય ભૂમિકાની તપાસ કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-7. | **In the context of Supreme Court's observations, examine the Constitutional role of the Governor with regard to the Bills passed by the Legislative Assembly.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-8. | "વ્યાવસાયીક મૂલ્યો અને નિતીશાસ્ત્ર નિરપેક્ષ નથી અને વિવિધ સંસ્કૃતિઓમાં બદલાય છે." – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-8. | **"Professional Values and Ethics are not absolute and vary across the cultures." – Discuss.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-9. | "શું વર્તમાન યુગમાં નીતિ અને વહિવટી નિષ્ફળતા માટે મુઘલ અને બ્રીટીશ વારસાને જવાબદાર ઠેરવવા જોઈએ ?" – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-9. | **Should Mughal and British Legacy be blamed for Policy and Administrative failings in the present era ? – Discuss.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-10. | ભારતના બંધારણના મુખ્ય લક્ષણોને ઓળખો અને સૂચિબધ્ધ કરો અને દરેક લક્ષણ જે તમારા દ્વારા પસંદ કરાયેલા લક્ષણનું ઓછામાં ઓછા 40 થી 50 શબ્દોમાં વર્ણન કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-10. | **Identify and list the salient features of the Constitution of India and describe at least 5 (Five) features identified by you in at least 40-50 words for each feature.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-11. | સમાજ અને રાજ્ય વાસ્તવિક જીવનની પરિસ્થિતિમાં એકબીજા સાથે જુદી જુદી રીતે ક્રિયા-પ્રતિક્રિયા કરે છે. આવી ક્રિયા-પ્રતિક્રિયાઓના સ્વરૂપોને ઓળખો અને સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-11. | **The society and state interact in different ways with each other in real life situation. Identify and explain the forms of such interaction.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| | | Marks |
|---|---|---|
| પ્ર.-12. | "તર્કસંગતતા અને ભાવનાત્મકતા એ માનવ વ્યક્તિત્વની બે બાજુઓ છે."– સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-12. | "The rationality and the emotionality are two sides of human personality." – Explain. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-13. | માહિતીસંચાર ટેકનોલોજી કેવી રીતે સુશાસન માટે ઉત્પ્રેરક છે ? તમારા જવાબને ઉદાહરણ સાથે સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-13. | How Information and Communication Technology (ICT) is a catalyst for "Good Governance"? Answer with example. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-14. | વહિવટી પ્રક્રિયામાં નબળાઈને કારણે સ્થાનિક ભ્રષ્ટાચાર થાય છે. ભારતમાં સ્થાનિક ભ્રષ્ટાચાર સામે લડવાનાં પ્રયત્નોને શું અવરોધે છે? | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-14. | Endemic corruption occurs due to weakness in administrative process. What hinders the efforts to combat endemic corruption in India? | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-15. | ન્યાયિક હસ્તક્ષેપ કેવી રીતે લોકશાહી અને કાયદાના શાસનને મજબૂત બનાવવામાં મદદ કરે છે ? ઉદાહરણો સાથે ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-15. | How judicial intervention helps in strengthening the democracy and Rule of Law? Discuss with examples. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

upsc2ias.com

Downloaded from upsc2ias.com

upsc2ias.com

Downloaded from upsc2ias.com

# વિષય કોડ / Subject Code : BIZ-6

## પેપર-6 : સામાન્ય અભ્યાસ-3 (મુખ્ય પરીક્ષા - વર્ણનાત્મક)

## Paper-6 : General Studies-3 (Main Exam - Descriptive)

કુલ ગુણ : 150 | સમય : 3 કલાક

Total Marks : 150 | Time : 3 Hours

સૂચના :
1. પ્રશ્નક્રમાંક 1 થી 15
1. Question No. 1 to 15
2. બધા જ 15 પ્રશ્નોના જવાબ લખવાના છે.
2. Attempt all 15 questions.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
3. Each question carries 10 marks.
4. જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.
4. Answer should be given approximately in 200 words.

પ્ર.-1. ઝડપી આર્થિક વૃદ્ધિ માટે ઉત્પાદન ક્ષેત્ર અને ખાસ કરીને MSME નો GDPમાં હિસ્સો વધે તે જરૂરી છે. આ સંદર્ભમાં સરકારશ્રીની વર્તમાન નીતિઓની ચર્ચા કરો.

Q.-1. Faster economic growth requires increase in the share of the manufacturing sector in GDP, particularly of MSMEs. Discuss the present policies of the Government in this regard.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-2. દેશમાં અપેક્ષિત આયુષ્યમાં થયેલા વધારાને કારણે નવા સ્વાસ્થ્ય પડકારો ઉભા થયા છે. તે પડકારો શું છે અને તેને પહોંચી વળવા માટે કયાં પગલાં લેવાની જરૂર છે ?

Q.-2. The increase in life expectancy in the country has led to newer health challenges. Which are these challenges and what steps need to be taken to meet them?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-3. ઉભરતી તકનીકો (technologies) અને વૈશ્વિકરણ કઈ રીતે મની લોન્ડરિંગમાં ભાગ ભજવે છે તેની ચર્ચા કરો. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આ સમસ્યાનો સામનો કરવા માટે લેવાયેલ પગલાંઓની ચર્ચા કરો.

Q.-3. Discuss how emerging technologies and globalisation play role in money laundering. Discuss the measures taken to tackle this problem at national and international levels.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| | | |
|---|---|---|
| પ્ર.-4. | “નીતિ આયોગ આયોજન પંચનું બહેતર સંસ્કરણ છે.” – નિવેદનનું મૂલ્યાંકન કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-4. | **“NITI Aayog is better version of Planning Commission.” – Evaluate the statement.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-5. | આંતરરાષ્ટ્રીય વેપારનું માળખું અને રચના દ્વારા રાષ્ટ્રના વિકાસની કલ્પના કરી શકાય છે. ભારતના સંદર્ભમાં નિવેદનની ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-5. | **The growth of a nation can be visualised by the change in the structure and composition of international trade. Discuss the statement with reference to India.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-6. | “ડિજિટલ ઈન્ડિયા” કાર્યક્રમ ખેડૂતોને ખેતીની ઉત્પાદકતા અને આવક વધારવામાં કેવી રીતે મદદ કરી શકે? સરકારે આ બાબતે શું પગલાં લીધા છે? | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-6. | **How can the “Digital India” programme help farmers to improve farm productivity and income? What steps has the Government taken in this regard?** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-7. | ભારતમાં બાયોગેસ ઉર્જાને વ્યાપક રીતે અપનાવવામાં મુખ્ય અવરોધોને જણાવો અને તેની ચર્ચા કરો. સક્ષમ અને ટકાઉ બાયોગેસ સ્ત્રોતો માટે કઈ નીતિઓ અને તકનીકી નવીનતાઓની જરૂર છે ? | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-7. | **Describe and discuss the key bottlenecks in widespread adoption of biogas energy in India. What policies and technological innovations are needed for viable and sustainable biogas sources?** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-8. | 4 R (ઘટાડો, પુનઃઉપયોગ, પુનઃપ્રાપ્તિ અને પુનઃપ્રાપ્તિ) – વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમમાં સક્રિયપણે ભાગ લેવા નાગરિકોને પ્રોત્સાહિત કરવા માટે કયા પ્રકારના ક્ષમતાનિર્માણ કાર્યક્રમો તૈયાર કરી શકાય ? | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-8. | **What types of capacity building programmes can be designed to encourage citizens to actively participate in 4 R (Reduce, Reuse, Recycle and Recover) waste management system?** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| | | Marks |
|---|---|---|
| પ્ર.-9. | ટકાઉ વિકાસ આયોજન અને અમલીકરણ (Sustainable Development Planning and Implementation) માટે સેટેલાઈટ ડેટાનો ઉપયોગ કરવાના સંભવિત લાભો અને પડકારો શું છે ? | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-9. | What are the potential benefits and challenges of using satellite data for sustainable development planning and implementation? | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-10. | "ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ એ માર્કેટીંગ માટે નવો ખ્યાલ છે." – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-10. | "Open network for digital commerce is a new concept in marketing." – Explain. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-11. | આકાંક્ષી જિલ્લાઓ (Aspirational Districts) કાર્યક્રમ સંબંધિત જિલ્લાઓ માટે Game Changer છે. ગુજરાતના સંદર્ભમાં આ વિધાનની ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-11. | Aspirational Districts programme is a game changer for concerned districts. Discuss the statement with reference to Gujarat. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-12. | "બેટરી બ્રેકથ્રુ અને અન્ય સંબંધિત ઈન્નોવેશન (Battery Breakthrough and other related innovations) ગુજરાતમાં વૃદ્ધિ અને આર્થિક વિકાસ માટે નવા વિઝન છે." – નિવેદનનું મૂલ્યાંકન કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-12. | "Battery Breakthrough and other related innovations are new visions for growth and economic development in Gujarat." – Evaluate the statement. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-13. | "ઝડપી પરિવહન વ્યવસ્થા સમય, નાણાં બચાવી શકે છે અને ભાવિ પેઢી માટે સારૂ પર્યાવરણ બનાવવામાં મદદ કરી શકે છે." – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-13. | "Rapid transit system can save time, money and help better climate for future generation." – Discuss. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-14. | " ગિફ્ટ સિટી (GIFT City), ગાંધીનગર ગુજરાતની અર્થવ્યવસ્થાને બદલી શકે છે." – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-14. | "GIFT City, Gandhinagar can change the economy of Gujarat." – Discuss. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
|---|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

**પ્ર.-15.** **"હવાની ગુણવત્તા સૂચકાંક, સુખ સૂચકાંક (Happiness Index) અને ટકાઉ વિકાસ લક્ષ્યાંકો એકબીજા સાથે જોડાયેલા છે." – યોગ્ય ઉદાહરણો સાથે ચર્ચા કરો.**

**Q.-15.** **"Air Quality Index, Happiness Index and Sustainable Development Goals are interconnected." – Discuss with suitable examples.**

upsc2ias.com

Downloaded from upsc2ias.com